SEAT No.__________

[34/33N]

No. of Printed Pages : 2

# Sardar Patel University

Master of Arts (Gujarati) Semester–I Examination April-2024

Subject Code: PA01EGUJ51 Subject Title: મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય

Date: 15-04-2024 Time: 10 am to 1 pm Total: 70

**પ્રશ્ન.૧ હેતુલક્ષી પ્રશ્નોના ઉત્તર આપો.** (૧૦)

૧. પાઠસંપાદનની પ્રક્રિયામાં નીચેનામાથી શેનો સમાવેશ થતો નથી.

(અ) હસ્તપ્રત વાંચન (બ) ટિપ્પણી (ક ) વિવેચન (ડ) અર્થનિર્ણય

૨. મધ્યકાલીન ગુજરાતી લીપિનો 'લીપિચાર્ટ' કોણે બનાવ્યો છે?

(અ) જયંત કોઠારી (બ) કે. કા. શાસ્ત્રી (ક) લક્ષ્મણ ભોજક (ડ) હરિવલ્લભ ભાયાણી

૩. ભક્તિને " પરમપ્રેમ રૂપા " તરીકે કયા ગ્રંથમાં ઓળખાવી છે?

(અ) ભાગવત (બ) શાંડિલ્યસૂત્ર (ક) નારદભક્તિસૂત્ર (ડ) અષ્ટધ્યાયી

૪. 'મધુપ! અડય મા , આઘો રહે , ઇતબાર તારો ન આણીએ ...."- આ પંક્તિ કયા કવિની છે.

(અ) નરસિંહ (બ) મીરાં (ક) દયારામ (ડ) અખો

૫. 'ઉષાહરણ' કૃતિના સર્જક કોણ છે?

(અ) નરપતિ (બ) વીરસિંહ (ક) ચતુર્ભુજ (ડ) કુશળલાભ

૬. મધ્યકાલીન કયા સાહિત્ય સ્વરૂપમાં પ્રકૃતિનો મહિમા બહુધા ગવાયો છે.

(અ) પદ્યવાર્તા (બ) ફાગુ (ક) પ્રબંધ (ડ) રાસ

૭. જૈન કવિઓએ બહુધા કયાં સાહિત્ય સ્વરૂપમાં ખેડાણ કર્યું છે?

(અ) આખ્યાન (બ) રાસ (ક) પ્રબંધ (ડ) પદ્યવાર્તા

૮. 'વસંતવિલાસ' એ કયા સ્વરૂપની કૃતિ છે?

(અ) ફાગુ (બ) આખ્યાન (ક) રાસ (ડ) પ્રબંધ

૯. 'વસંતવિલાસ' ફાગુના મંગલાચરણમાં કોની વંદના કરવામાં આવી છે?

(અ) કામદેવ (બ) શિવ (ક) કૃષ્ણ (ડ) ઋષભ દેવ

૧૦. 'વસંતવિલાસ' ફાગુ એ 'ચમક ચમક થતી ચાંદની જેવું કાવ્ય છે'– આ વિધાન કોનું છે?

(અ) ઉમાશંકર જોશી (બ) કેશદ હર્ષદ ધ્રુવ (ક) આનંદશંકર ધ્રુવ (ડ) અનંતરાય રાવળ

(P.T.O.)

પ્રશ્ન ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સંશોધન-સંપાદનના પ્રશ્નોની વિગતે ચર્ચા કરો. (૧૫)

**અથવા**

પ્રશ્ન ૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના હસ્તપ્રતવાચન અને ભાવનના પ્રશ્નોની ઉદાહરણસહ ચર્ચા કરો.

પ્રશ્ન ૩. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સ્વરૂપ આખ્યાન **અથવા** પદ્યવાર્તાનો વિગતે પરિચય કરાવો. (૧૫)

પ્રશ્ન ૪. 'મધ્યકાળમાં ઉત્તમકૃતિઓ જન્માવનાર પરિબળ તરીકે પ્રેમભક્તિનું સંવેદન મુખ્ય રહ્યું છે' – આ વિધાનના આધારે મધ્યકાલીન ભક્તિમાર્ગી કવિઓના કવનનો પરિચય કરાવો. (૧૫)

**અથવા**

પ્રશ્ન ૪. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતાનો વિગતે પરિચય કરાવો.

પ્રશ્ન ૫. નીચેનામાંથી કોઈ પણ બે વિશે ટૂંકનોધ લખો. (૧૫)

૧. 'વસંતવિલાસ' ફાગુમાં છંદ-અલંકાર વૈભવ

૨. 'વસંતવિલાસ' ફાગુની ભાષાશૈલી

૩. 'વસંતવિલાસ' ફાગુમાં વર્ણનો

૪. 'વસંતવિલાસ' ફાગુના કર્તુત્વના પ્રશ્નો

—X—